Australian Government

BE COVIDSAFE

# COVID-19: લક્ષણો ઓળખવા

૨૦ જૂન ૨૦૨૨

| લક્ષણો | COVID-19<br>લક્ષણો હળવાથી ગંભીર સુધીના હોય છે | શરદી<br>લક્ષણો ક્રમશઃ શરૂ થાય | સળેખમ<br>લક્ષણો અચાનક શરૂ થાય | એલર્જી*<br>લક્ષણો અચાનક અથવા ક્રમિક શરૂ થઇ શકે છે |
|---|---|---|---|---|
| તાવ | ક્યારેક | ભાગ્યેજ | સામાન્ય | ના |
| ખાંસી | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય (દમ) |
| ગળામાં ખરાશ | સામાન્ય | સામાન્ય | ક્યારેક | ક્યારેક (ગળામાં અને તાળવામાં ખંજવાળ) |
| હાંફ ચઢવો | ક્યારેક | ના | ના | સામાન્ય (દમ) |
| થાક | સામાન્ય | ક્યારેક | સામાન્ય | ક્યારેક |
| કળતર અને પીડા | ક્યારેક | ના | સામાન્ય | ના |
| માથું દુઃખવું | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| નાક ગળવું કે બંધ થઇ જવું | સામાન્ય | સામાન્ય | ક્યારેક | સામાન્ય |
| ઝાડા | ભાગ્યે જ | ના | ક્યારેક ખાસ કરીને બાળકોમાં | ના |
| છીંકો | સામાન્ય | સામાન્ય | ના | સામાન્ય |

*ડબલ્યુએચઓ, સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન અને અમેરિકન એકેડેમી ઓફ એલર્જી, અસ્થમા અને ઇમ્યુનોલોજી દ્વારા ઉત્પાદિત સામગ્રીમાંથી લેવામાં આવ્યું છે.*

**શ્વસન સંબંધી એલર્જીમાં એલર્જીક ર્હીનિટિસ (પરાગરજ તાવ – હે ફીવર) અને એલર્જીક દમના રોગનો સમાવેશ થાય છે. પરાગરજ તાવના અન્ય સામાન્ય લક્ષણોમાં નાકમાં ખંજવાળ આવવી અને આંખોમાં ખંજવાળ આવવી તથા પાણી નીકળવુંનો સમાવેશ થાય છે.*

*COVID-19, સળેખમ અને શરદીના લક્ષણો વચ્ચેનો તફાવત પારખવો ખૂબ જ મુશ્કેલ છે. જો તમને ચેપી અથવા શ્વસન રોગના કોઇ પણ લક્ષણો હોય (જેમ કે ગળામાં દુખાવો, માથાનો દુખાવો, તાવ, શ્વાસ લેવામાં તકલીફ, સ્નાયુઓમાં દુખાવો, ઉધરસ અથવા નાક ગળવું) તો બીમારી ફેલાવાનું જોખમ ઘટાડવા માટે ઘરે જ રહો. તમે સલાહ માટે હેલ્થડીરેક્ટના લક્ષણો પારખવાના કોઠાનો ઉપયોગ કરવા www.healthdirect.gov.au/symptom-checker/toolની મુલાકાત લઇ શકો છો. યાદ રાખો, જો તમારું COVID-19નું પરીક્ષણ હકારાત્મક આવે તો, તમારે તરત જ આઇસોલેટ થવું જોઇએ.*

*જે લોકોને શ્વસન સંબંધી એલર્જીના લક્ષણો હોય જેમ કે એલર્જીક ર્હીનિટિસ (પરાગરજ તાવ – હે ફીવર) અને એલર્જીક દમનો રોગ, તેમને જો એવા લક્ષણો લાગતાં હોય કે જે અનપેક્ષિત છે, સામાન્ય કરતાં જુદા અથવા વધુ છે અથવા તેમની સામાન્ય દવાઓની અસર ન થતી હોય તો, તેમણે ઘરે જ રહેવું જોઇએ અને તેમના*

*લક્ષણોની શરૂઆતમાં જ COVID-19 માટે પરીક્ષણ કરાવવું જોઇએ.*

વધુ માહિતી માટે, www.health.gov.au/covid19-translatedની મુલાકાત લો અથવા ૧૮૦૦ ૦૨૦ ૦૮૦ પર ફોન કરો. નિઃશુલ્ક દુભાષિયા સેવા માટે વિકલ્પ ૮ પસંદ કરો.